# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી — તા. ૨૧-૦૪-૨૦૨૨

- **ગુજરાત કોંગ્રેસનું "પ્રતિભા શોધ અભિયાન" તા. ૨૩-૨૪ એપ્રિલ, રાજ્યના પાંચ વિભાગીય ક્ષેત્રમાં ઈન્ટરવ્યુ ગોઠવાશે.**
- **૨૫૦૦થી વધુ યુવાઓએ કોંગ્રેસ પક્ષના માધ્યમથી વક્તા – પ્રવક્તા – મીડીયા પેનાલીસ્ટમાં ઈચ્છા વ્યક્ત કરી.**

"પ્રતિભા શોધ અભિયાન" અન્વયે #SpeakUpGujarat ના હેશટેગ થી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને અગ્રણીઓએ યુવાઓને પ્રતિભા શોધ અભિયાનમાં પર મિસ્કોલ કરીને ભાગ લેવા આહ્વાહન કર્યું હતું. જેમાં સમગ્ર રાજ્યના ૩૩ જીલ્લા અને ૮ મહાનગરોમાંથી ૨૫૦૦ થી વધુ ઈચ્છુક યુવાઓએ ઓફલાઈન - ઓનલાઈન ફોર્મ ભરીને કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ગુજરાત કોંગ્રેસનું "પ્રતિભા શોધ અભિયાન" તા. ૨૩-૨૪ એપ્રિલ, રાજ્યના પાંચ વિભાગીય ક્ષેત્રમાં ઈન્ટરવ્યુ ગોઠવાશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે "કોંગ્રેસની વિચારધારા ધરાવતા હોય અને દેશના વિકાસમાં યોગદાન આપવા માંગતા હોય તે તમામને કોંગ્રેસ પક્ષ તક આપશે. અહિંસા, ધર્મનિરપેક્ષતા, સંસદીય લોકશાહી, સર્વાંગી વિકાસ, સામાજીક ન્યાય અને વિશ્વ શાંતિની કોંગ્રેસ પક્ષની વિચારધારા દેશની વિચારધારા છે, કોંગ્રેસ પક્ષ વિશ્વના સૌથી જૂના રાજકીય પક્ષમાંથી એક છે. કોંગ્રેસ પક્ષે આઝાદીની લડતમાં અમૂલ્ય યોગદાન આપ્યુ છે. આઝાદી બાદ પણ વિકાસની અવિરત યાત્રામાં કોંગ્રેસનો ફાળો અવિસ્મરણીય રહ્યો છે. દેશ જ્યારે સ્વનિર્ભરતાથી ટાંકણી પણ નહોતો બનાવતો ત્યારે દેશના પ્રથમ પ્રધાનમંત્રી આદરણીય શ્રી જવાહરલાલ નહેરૂ અને નાયબ વડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના નેતૃત્વએ દેશની ધરોહર સમાન નવ રત્નોની સ્થાપના કરી હતી, વડાપ્રધાન સ્વ. શ્રી ગુલઝારીલાલ નંદા, સ્વ.શ્રી લાલબહાદુર શાસ્ત્રી, સ્વ. શ્રીમતિ ઈન્દિરા ગાંધી, સ્વ. શ્રી રાજીવ ગાંધી, સ્વ. શ્રી પી. વી. નરસિંહા રાવ, શ્રી મનમોહનસિંહ દરેકની દૂરદર્શિતાએ વિકાસની આ યાત્રાને આગળ ધપાવી હતી અને દેશને આત્મનિર્ભર બનાવી વિશ્વફલક પર રજૂ કર્યો હતો.

કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે સંમત હોય અને પક્ષના પ્લેટફોર્મ સિવાય કોઈપણ માધ્યમ થકી ભાજપ સામે વૈચારિક લડત લડી રહ્યા હોવ તો આપના માટે રાજકીય કેડી કંડારવું હવે સરળ છે. મૌલિક વિચારો સાથે અસરકારક લેખન શક્તિ ધરાવતા તેમજ આગવી વાકછટા દ્વારા કોંગ્રેસની વિચારધારાને લોકો સુધી પહોંચાડી શકે અને સત્તા પક્ષના અહંકારી શાસન સામે મજબૂત લડત આપી શકે તેવા તમામને કોંગ્રેસ પક્ષ આવકારે છે."

યુવાઓની ક્ષમતાની કસોટી, વકતૃત્વ શક્તિ,લેખન શક્તિ કે નવા વિચારોને જુદા જુદા તબક્કે ઈન્ટરવ્યૂ, પ્રવચન અને સામુહિક ચર્ચા,વિષયના ઊંડાણની ચકાસણી તજજ્ઞો મારફત "પ્રતિભા શોધ અભિયાન" અન્વયે તા. ૨૩-૨૪ એપ્રિલ ના રોજ રાજ્યના પાંચ વિભાગીય ક્ષેત્રમાં ઈન્ટરવ્યુ યોજાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા